ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર
માહિતી અને જનસંપર્ક વિભાગ
Website : www.ayurveduniversity.edu.in Email pro@ayurveduniversity.com

અખબારી યાદી નં. ૧૧

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા તેની સંલગ્ન કૉલેજ - હૉસ્પિટલ સાથે રાજ્યભરમાં યોજાશે વર્લ્ડ પાઇલ્સ ડે

જામનગર, નવેમ્બર 18, 2024 - વર્લ્ડ પાઈલ્સ ડેની ઉજવણીમાં, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી (GAU) પાઈલ્સ (હેમોરહોઈડ્સ) અને સંબંધિત એનો-રેક્ટલ ડિસઓર્ડર વિશે જાગૃતિ લાવવા માટે તમામ સંલગ્ન કોલેજોને સામેલ કરી રાજ્યભરમાં એક ઝુંબેશ શરૂ કરતા ગર્વ અનુભવે છે. 20 નવેમ્બરથી 22 નવેમ્બર, 2024 દરમિયાન યોજાનારી આ પહેલમાં વ્યાપક સારવાર પૂરી પાડવા અને જાહેર આરોગ્યને પ્રોત્સાહન આપવાના હેતુથી શૈક્ષણિક કાર્યક્રમો અને ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ યોજવામાં આવશે.

વિશ્વભરની એક તૃતીયાંશ વસ્તીને પીડતો આ રોગ - પાઇલ્સ ઠેર-ઠેર ફેલાયેલો છે. 30 થી 70 વર્ષની ઉંમર વચ્ચે કોઈને કોઈ તબક્કે મોટાભાગના લોકોને આ સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. મળ ત્યાગ કરતા સમયે મળમાર્ગેથી રકતસ્રાવ થવો, દુખાવાનો અનુભવ થવો, તેમજ મળમાર્ગે સોજો અથવા ક્યારેક ચામડીનો થોડેક ભાગ બહાર આવવા જેવી અનુભૂતિ પાઇલ્સના દરદી અનુભવતા હોય છે. રકતસ્રાવ એટલે કે સંડાસ જતી વખતે લોહી આવવુ એ સતત નથી હોતું પણ સમયાતરે મળત્યાગ બાદ યા તો મળત્યાગ સમયે રક્તસ્રાવ થતો જોવા મળે છે. ઘણી વખત દૂખાવો નથી થતો પણ મળત્યાગ બાદ લોહી પડવા લાગે છે અને સંડાસ જવા છતા થોડો મળ પેટમા રહી જતો હોય એમ લાગે છે અને સંતોષની લાગણી નથી થતી.

આવા લક્ષણો મોટા ભાગે દરદી અનુભવતા હોય છે. પણ શરમ અને સંકોચના કારણે એના નિષ્ણાત ડોકટરને બતાવવાનુ ટાળે છે, માટે ચોક્કસ નિદાન થઈ શકતુ નથી. ઘણા દરદીઓ રક્તસ્રાવ જોઇને પોતાને મસા થયા છે એવુ નિદાન પોતાની જાતે જ કરી લે છે પણ તમને જણીને નવાઇ લાગશે કે મળાશયના કેન્સર, પોલીપ્સ, અલ્સર, કોન્સડીસીઝ, કે અલ્સરેટીવ કોલાઇટીસ જેવા રોગોમા પણ રક્તસ્રાવ થતો જોવા મળે છે. માટે પાઇલ્સના દરદીએ કવોલીફાઇડ ડોકટરને બતાવીને દૂરબીન જેવા સાધનોની મદદથી યોગ્ય નિદાન કરાવી લેવુ જોઇએ. પાઇલ્સ સમજીને ઉંટવેદુ કરતા લેભાગુ વૈદો અથવા કહેવાતા ડીગ્રી વિનાના ડોકટર્સ પાસેથી સારવાર કરવાને બદલે યોગ્ય ડૉક્ટરની સલાહ લેવી જોઇએ. અમુક ડૉક્ટર્સ કોઇપણ રીતે મસાને કાઢી નાખવાનો દાવો કરે છે પણ જો દરદીને કેન્સર, પોલીપ્સ, અલ્સર, કોન્સડીસીઝ , કે અલ્સરેટીવ કોલાઈટીસ જેવો કોઇ રોગ હોય તો રાહત થવાને બદલે બીજા કોમ્પ્લીકેશન્સ વધી જાય છે. ઘણા દરદીઓ આવી પરિસ્થિતિનો ભોગ બનીને પીડાતા હોય છે જેની તેમને ખબર પણ નથી હોતી અને જયારે સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે છે, ત્યારે ઘણું મોડું થઇ ગયુ હોય છે. આજ કારણે લોકોમા જાગૃતતા આવે તેમજ આવા દરદીને ચોક્કસ નિદાન દ્વારા ઉંટવૈદાના કારણે પીડાવાનુ ન થાય, તે હેતુથી તારીખ ૨૦ નવેમ્બરનો દિવસ " વર્લ્ડ પાઇલ્સ ડે" તરીકે જાહેર કરવામાં આવેલ છે.

જૂની કબજીયાત, લાંબો સમય સુધી મળત્યાગ માટે બેસી રહેવુ, ખૂબ જોર કરીને મળત્યાગ કરવાની આદત, પ્રેગ્નન્સી - પ્રસુતી અથવા ઉંમરના કારણે મળાશયના મસલ્સ અને નળીઓમાં શિથિલતા આવતા અથવા ક્યારેક વારસાગત ટેન્ડેન્સીના કારણે પાઇલ્સ થતા જોવા મળે છે.

મળાશયની અંદર થનારા મસાને “ઇન્ટરનલ પાઇલ્સ” તેમજ મળદ્વારની બહાર થતા મસાને “એક્સટર્નલ પાઇલ્સ" કહેવાય છે. “એક્સટર્નલ પાઇલ્સ- એટલે કે બહારના મસામા મોટા ભાગે દુખાવો, ખંજવાળ કે ફુલાવો થવો અને મળ ત્યાગ દરમ્યાન સંતોષની લાગણી ન થવી - જેવા લક્ષણો જોવા મળે છે. ઘણી વાર મળદ્વારે બહારની જગ્યાએ મસો થાય છે, ઘણીવાર ચીરો પડતા ત્યાંના કોષોમાં સોજો પણ આવી જાય છે.

// 2 //

નવાઇની વાત એ છે કે હાઇબ્લડ પ્રેશર,ઇન્ફેકશન અથવા ખૂબ જ જોર કરીને મળત્યાગ કરવાથી અંદરની શિરામાં દબાણના કારણે લોહીની નળી ફાટી જતા દરદીને અચાનક જ ગાંઠ જેવું થઇ જાય છે. આથી ખૂબ દુખાવાના કારણે બેસવામાં પણ મુશ્કેલી થવા લાગે છે. આવા મસાને થ્રોમ્બોસ પાઇલ્સ તરીકે ઓળખવામા આવે છે.

આ તમામ પ્રકારની સમસ્યાઓમાં યોગ્ય જાણકારી અને સારવાર બન્ને મળવાં ખૂબ જ જરૂરી છે. આયુર્વેદમાં સુશ્રુતસંહિતામાં પાઇલ્સને 'અર્શ' તરીકે ઓળખાવવામાં આવેલ છે. ઉપરાંત, આયુર્વેદમાં પાઇલ્સને તથા મળમાર્ગના રોગોને દૂર કરવાના ઉપચાર પણ દર્શાવવામાં આવ્યા છે. જેમાં, ક્ષારકર્મ, ક્ષારસૂત્ર, બંધનકામ અને ઔષધીઓનો સમાવેશ થાય છે. પાઇલ્સ તથા મળમાર્ગના અન્ય રોગો માટે ઊંટવૈદા કરવા કરતાં શાસ્ત્રોક્ત સારવાર અને અનુભવી ડૉક્ટરની મદદ લેવામાં આવે તો ધાર્યું પરીણામ મેળવી શકાય છે. પાઇલ્સનો વ્યાપ ઘણો હોવા છતાં, ઘણી વ્યક્તિઓ શરમથી અથવા જાગૃતિના અભાવને કારણે સારવાર મેળવવામાં વિલંબ કરે છે, જે ગંભીર સમસ્યાઓ અથવા કોલોરેક્ટલ કેન્સર જેવી ભયંકર સ્થિતિ તરફ દોરી જાય છે. માટે આવી સારવાર પણ આયુર્વેદના નિષ્ણાત ડૉક્ટર દ્વારા જ લેવાય એ લોકોના હિતમાં છે. લેભાગુ અને કહેવાતા વૈદ્ય – હકીમો સરવાળે આયુર્વેદને બદનામ કરતા હોય છે અને સરવાળે આવા લોકો દ્વારા ભળતી સારવાર થવાથી " બકરું કાઢતા ઉંટ પેસવા" જેવો ઘાટ થાય છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની આ ઝુંબેશ સમયસર નિદાન અને સારવારને પ્રોત્સાહિત કરીને લોકોમાં આ બાબતનો ખચકાટ દૂર કરવા માટે છે.

આ નવીન ઝુંબેશ અંગે વાત કરતાં, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ. મુકુલ પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આ ઝુંબેશ જાહેર આરોગ્ય અને આયુર્વેદના સર્વગ્રાહી સિદ્ધાંતો પ્રત્યે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે. અમારી સંલગ્ન કોલેજોને આ પહેલમાં સામેલ કરીને, અમારું લક્ષ્ય રાજ્યના દરેક ખૂણે જાગૃતિ અને સારવારના વિકલ્પોનો વિસ્તાર કરવાનું છે."

તારીખ અને સ્થાન:

તારીખ: 20 થી 22 નવેમ્બર, 2024

સ્થળ: ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની તમામ સંલગ્ન કોલેજો

સમગ્ર ગુજરાતમાં આરોગ્ય, જાગૃતિ અને સર્વગ્રાહી સારવારને પ્રોત્સાહન આપવાના આ મહત્વપૂર્ણ પ્રયાસમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સાથે જોડાવવા સૌને અપીલ કરવામાં આવે છે.

---

નં.આયુ/યુનિ/માહિતી/૨૦૨૪-૨૫/1363 ઈ-મેઈલ તા.18-11-2024

પ્રતિ,

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારી યાદીને વિના મુલ્યે પ્રકાશિત કરવા વિનંતી છે.

આભાર સહ,

આપની વિશ્વાસુ

18/11/24

(પી.પી.મહેતા)

ઓ.એસ.ડી.

1. સર્વે પ્રેસ પ્રતિનિધિઓ તરફ ........ ઈ મેઈલ દ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલ બંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે )
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ ....... ઈ-મેઈલ દ્વારા(આપના વિભાગના નોટીસ બોર્ડમાં મુકવાની વિનંતી સાથે)
4. ઓ.એસ.ડી.શ્રી, કુલપતિશ્રી કાર્યાલય (યુનિ. વેબસાઈટ ઉપર પ્રસારિત કરવાની સુચના સાથે)